<u>જાહેરાત</u>

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ,
કમિશનરશ્રી શાળાઓની કચેરી, બ્લૉક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.

---

**(સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી અંગેની જાહેરાત ક્રમાંક:૧૯/૨૦૧૯-૨૦ થી ૨૫/૨૦૧૯-૨૦)**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૧૫/૧૧/૧૯ના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૧૦૪/એસએમએસ/૧૦૧૧/૨૫૮/જી.૧ તેમજ સરકારશ્રીના સંબંધિત સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ અન્વયે રાજ્યની <u>સરકારી માધ્યમિક શાળાઓમાં (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં)</u> શિક્ષણ સહાયકની ભરતી અંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી દ્વારા મળેલી <u>નીચે મુજબ અંદાજીત ખાલી જગ્યાઓ</u> મેરીટના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે નીચે જણાવેલ વેબસાઈટમાં ઉલ્લેખ કરેલ સૂચનાઓ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો મુજબ શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ ઓનલાઈન મંગાવવામાં આવે છે.

**<u>અરજી કરવા માટેની સમય મર્યાદાની વિગત:</u>**

લાયકાત ધરાવતા ઉમેદવારોએ ઓનલાઈન અરજી તા.૨૧/૧૧/૧૯ થી તા.30/૧૧/૧૯ ના રોજ ૧૮.૦૦ કલાક સુધી વેબસાઈટhttps://www.gserc.in/ ઉપર મુકવામાં આવેલ સૂચનાઓ મુજબ કરી શકશે. લાયકાત ધરાવતા ઉમેદવારો અરજીની નિયત થયેલ ફી ઓનલાઈન તેમજ ઓફલાઈન ભરી શકશે. ઓફલાઈન ફી ભરવા ઈચ્છતા ઉમેદવારોએ તા.૨૧/૧૧/૧૯ થી તા.૨૮/૧૧/૧૯ સુધીના સમયગાળામાં એસ.બી.આઈની કોઈપણ બ્રાન્ચમાં ફી ચૂકવણી કરવાની રહેશે. નિયત સમયમાં ફી ન ભરેલ ઉમેદવારોની અરજી સ્વીકારવામાં આવશે નહીં. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે.

ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારે તમામ વિગતો અરજી પત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

અંદાજીત ખાલી જગ્યાની વિગત:

| ક્રમ | માધ્યમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| 1 | ગુજરાતી માધ્યમ | 1236 |
| 2 | અંગ્રેજી માધ્યમ | 03 |

**<u>સરકારી માધ્યમિક શાળાઓની કૂલ ખાલી જગ્યાઓની જાહેરાતવાર, જાતિવાર વિગત દર્શાવતુ પત્રક</u>**

| જાહેરાત ક્રમાંક | વિષયનું નામ | કૂલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત | આ.ન.વ (EWS) | સા.શૈ.પ.વ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | શા.ખોડ ખાપણ | બિન અનામત | આ.ન.વ (EWS) | સા.શૈ.પ.વ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | શા.ખોડ ખાપણ |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 19 | અંગ્રેજી | 353 | 172 | 33 | 67 | 24 | 39 | 18 | 63 | 9 | 26 | 5 | 13 | 0 |
| 20 | ગુજરાતી | 68 | 30 | 6 | 9 | 6 | 12 | 5 | 16 | 1 | 3 | 1 | 3 | 0 |
| 21 | હિન્દી | 18 | 6 | 2 | 4 | 1 | 3 | 2 | 2 | 1 | 1 | 0 | 2 | 0 |
| 22 | ગણિત/વિજ્ઞાન | 416 | 191 | 40 | 99 | 24 | 50 | 12 | 59 | 9 | 33 | 5 | 17 | 0 |
| 23 | શારીરીક શિક્ષણ | 5 | 3 | 0 | 0 | 1 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 24 | સંસ્કૃત | 5 | 3 | 1 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 |
| 25 | સામાજિક વિજ્ઞાન | 374 | 168 | 45 | 81 | 17 | 43 | 20 | 62 | 19 | 29 | 5 | 19 | 0 |
| કૂલ | | 1239 | 573 | 127 | 261 | 73 | 148 | 57 | 204 | 39 | 92 | 16 | 54 | 0 |

ઉપરોક્ત ખાલી જગ્યાઓમાં મહિલા અનામત અને ભૂતપુર્વ સૈનિક માટે રાજ્ય સરકારના સ્થાયી ઠરાવો અને જોગવાઈઓ મુજબ ભરતી પ્રક્રિયામાં સમાવેશ કરવામાં આવશે.

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ <u>અંદાજીત ખાલી જગ્યાઓ ફેરફારને</u> આધીન છે. વર્ગ ઘટાડા તથા અન્ય વહીવટી આકસ્મિક કારણોસર જગ્યા રદ થતા તેવી ખાલી જગ્યા પર ઉમેદવારનો કોઈ હકદાવો રહેશે નહીં. પસંદગી સમયે ઉપલબ્ધ <u>ખરેખર ખાલી જગ્યા ઉપર જ</u> પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ <u>ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે</u> જેની નોંધ લેવી. સંજોગોવશાત સમગ્ર જાહેરાત રદ કરવામાં આવશેતો અને તે અંગે ભરતી સમિતીનો નિર્ણય આખરી રહેશે, આ અંગે ઉમેદવારોનો કોઈ હકદાવો રહેશે નહીં.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૮ના જાહેરનામાથી લેવાયેલ TAT પરીક્ષામાં જે માધ્યમ/વિષયમાં <u>ઉતીર્ણ થયેલા અને પાત્રતા ધરાવતા ઉમેદવારો પ્રસ્તુત ભરતી પ્રક્રિયામાં અરજી કરી શકશે.</u>

યુ.જી.સી માન્ય યુનિવાર્સીટી દ્વારા મેળવેલ ડીગ્રી જ ગ્રાહ્ય રાખવામાં આવશે. રાજ્ય બહારની યુનિવર્સીટીની ઓપન અને ડીસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્ય ન હોઈ તેવી લાયકાત ગ્રાહ્ય રહેશે નહીં.

ઉમેદવાર એક કરતા વધુ પ્રયત્ને સ્નાતક/અનુસ્નાતક તેમજ અન્ય વ્યાવસાયીક લાયકાત ધરાવતા હોય તેવા કિસ્સામાં સ્થાયી ઠરાવો મુજબ નિયમોનુસાર મેરીટની ગણતરી કરવામાં આવશે.

હાલ સરકારી અથવા બિન સરકારી અનુદાનિત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સેવા બજાવતા હોય તેવા શિક્ષણ સહાયકો આ ભરતીમાં અરજી કરવા માંગતા હોય તો તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃ પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૬/ક, તા.૨૨/૩/૧૭ની જોગવાઈ મુજબ નિમણુક સત્તાધિકારીનું એન.ઓ.સી. મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. જીલ્લા/શાળા પસંદગી માટે ઉપસ્થિત રહેનાર ૩ વર્ષથી ઓછી નોકરી વાળા ઉમેદવારે રાજીનામુ મંજુર કર્યાનો હુકમ તથા બોન્ડની રકમ ભર્યાની ચલણની નક્લ રજૂ કરવાની રહેશે. તે સિવાય અરજી રદ થવાને પાત્ર રહેશે.

જે ઉમેદવારોનો પ્રોવિઝનલ મેરીટમાં સમાવેશ થશે તેઓને તે અંગેની જાણ એસ.એમ.એસ.થી કરવામાં આવશે ત્યાર બાદ તેઓએ ડોક્યુમેન્ટ વેરીફીકેશન અંગેનો કોલલેટર ઓનલાઈન પ્રીન્ટ મેળવી પોતે અરજી પત્રમાં દર્શાવેલ જીલ્લામાં પસંદગી સમિતિ દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ સ્થળ, સમય અને તારીખે પોતાના તમામ સંબંધિત ગુણપત્રકો અને પ્રમાણપત્રકોની રૂબરૂ ચકાસણી કરાવવાની રહેશે. સમય મર્યાદામાં ચકાસણી ન કરાવનાર ઉમેદવારોની અરજી રદ કરી મેરીટ યાદીમાંથી નામ રદ કરવામાં આવશે. અને આ અંગે ઉમેદવારો કોઈ પણ પ્રકારનો હકદાવો કરી શકશે નહીં. જીલ્લાવાર ડોક્યુમેન્ટ વેરીફીકેશન કેન્દ્રોની યાદી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ પરની ઉમેદવારોની નિમણૂંક તા. ૨૭/૦૧/૧૭ ની જાહેરાત અન્વયે જે તે જગ્યાઓ માટે ઉમેદવારોએ નિમણૂંક બાબતે નામદાર હાઈકોર્ટ માં દાખલ કરેલ કેસોના આખરી ચુકાદાને આધીન રહેશે.

આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારે જીલ્લા/શાળા પસંદગી માટે ઓનલાઈન કોલલેટર મેળવવાનો રહેશે. કોલલેટરમાં દર્શાવેલ તારીખે જ જીલ્લા/શાળા પસંદગી આપવામાં આવશે. તે પછીની તારીખે હાજર રહેનાર ઉમેદવાર જીલ્લા/શાળા પસંદગીનો હકદાવો કરી શકશે નહીં.

જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સુચનાઓ https://www.gserc.in/ વેબસાઈટ ઉપર તા.૨૦/૧૧/૧૯ના રોજ મૂકવામાં આવશે.

Sd/-
(ડી.પી.દેસાઈ)
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી
સમિતિ અને નિયામક, શાળાઓની કચેરી
ગુ.રા,ગાંધીનગર